મકાન બાંધકામ પેશગી/વાહન પેશગીના હિસાબોની મેળવણી કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ-ડીપીપી-૨૦૧૩-૭૧૭-ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૨/૯/૨૦૧૩.

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક....
25 SEP 2013
656575

જ.ક્ર.નં. ૬૫૫૫૩
તા. -3 OCT 2013

વંચાણે લીધોઃ- નાણા વિભાગનો તા. ૧૨/૦૮/૧૯૯૭નો પરિપત્ર ડીપીપી-૧૦૯૭-૨૬૫-ઝ

<u>પરિપત્ર-</u>

નાણા વિભાગના તા.૧૨/૦૮/૧૯૯૭ના પરિપત્રથી સરકારી અધિકારીઓ/કર્મચારીઓની મકાન બાંધકામ પેશગી તથા વાહન પેશગીની સાચી ખતવણી તેમજ આ હિસાબોની મેળવણી નિયમિત રીતે થાય અને ભવિષ્યમાં "ના લેણા પ્રમાણપત્ર" માટે અધિકારી/કર્મચારીઓને નિવૃત્તિ સમયે મુશ્કેલી ન પડે તે માટે મકાન બાંધકામ પેશગી/વાહન પેશગીના હિસાબો વ્યવસ્થિત રીતે નિભાવી શકાય તે હેતુસર નીચેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

"દરેક કચેરીના વડા/ઉપાડ અધિકારીએ દર ૬ માસે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ ની કચેરી, ગાંધીનગર સાથે મકાન બાંધકામ પેશગી/વાહન પેશગીના હિસાબોનું નિયમિત મેળવણું કરવું અને વધુમાં તમામ કર્મચારીઓ/અધિકારીઓ પણ પોતે પોતાના હિસાબોમાં જમા કરવામાં આવેલ રકમોની વિગતો સમયાંતરે ચકાસી લે તેવી વ્યવસ્થા જે તે ખાતા /કચેરીઓ ગોઠવવાની રહેશે. તેથી કોઇ ક્ષતિ રહી ગયેલ હોય તો તે ધ્યાન ઉપર આવી શકે અને તે સુધારી શકાય"

૨. પ્રસ્તુત બાબતે અનુભવે એવું જણાયેલ છે કે, પ્રતિ છ માસે મકાન બાંધકામ પેશગી તથા વાહન પેશગીના હિસાબોનું મેળવણું ન થવાને કારણે તેમજ નિયામકશ્રી,પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ દ્વારા વાર્ષિક સ્લીપો ઇસ્યુ થયા બાદ પણ મીસીંગ ક્રેડિટ કે ડેબીટ બાબતે કોઇ કાર્યવાહી ન થવાને કારણે વ્યાજ સમર્થન કે "ના લેણા પ્રમાણપત્ર" (એન.ડી.સી.) આપતી વખતે ઘણા વહીવટી પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આથી સચિવાલયના સર્વે વિભાગો/ખાતાના વડાઓ/કચેરીના વડાઓના અને તેમના હસ્તકની કચેરીઓના સંબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓને નાણા વિભાગના પરિપત્રની જોગવાઇ મુજબ હિસાબોનું

1 OCT 2013

નિયમિતપણે મેળવણું કરવા તેમજ નાણા વિભાગના સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.એચ.પાઠક)
ઉપસચિવ,
નાણા વિભાગ.

નકલ રવાનાઃ-

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાનામંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીઓના અંગત સચિવશ્રી,ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી,ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી,ગુજરાત મુલ્કીસેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કર્મચારીઓના વડાઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ એન્ડ ઇ)ગુજરાત રાજય, અમદાવાદ, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડિટ-૧,૨) અમદાવાદ, રાજકોટ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી, ગાંધીનગર.
- નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ, સર્વે તિજોરી અધિકારીશ્રીઓ /પેટા તિજોરી અધિકારીશ્રીઓ/પગાર અને હિસાબી અધિકારી, , અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા.
- સર્વે નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ રાજય સરકારના જાહેર સાહસો.
- નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહિત)
- સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ(વેબ સાઇટ પર મુકવા સારૂ)
- પસંદગી ફાઇલ, ઝ-શાખા, નાણા વિભાગ.
- પત્ર દ્વારા.

જા.નં.નકૃયુ/રજી/અ-૩-૩/ ૧૩૭૬૬-૮૧૫ /૨૦૧૩
નવસારી તા.૧૮/૧૦/૨૦૧૩

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ:-</u>
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.